Signature of Invigilators

1. ..............................

2. ..............................

# LAW

# PAPER–III

# OCT–10/16

Roll No. ☐☐☐☐☐
(In figures as in Admit Card)

Roll. No. ..............................

..............................
(in words)

Name of the Areas/Section (if any)................

**Time Allowed : 2-1/2 hours]** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any.
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of calculator or any other Electronics Devices is prohibited.
8. There is no negative marking.
9. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.
10. In case of any discrepancy in Gujarati and English version of Questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.
૨. તમે જે વિકલ્પનો ઉત્તર આપો તેનો સ્પષ્ટ નિર્દેશ કરો.
૩. ટૂંકનોંધ કે નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તર દરેક પ્રશ્નની નીચે આપેલી જગ્યામાં જ લખો. વધારાના કોઈ કાગળનો ઉપયોગ કરશો નહીં.
૪. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.
૫. આ ઉત્તરપોથીમાં અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.
૬. આ ઉત્તરપોથીમાં ક્યાંય પણ તમારી ઓળખ કરાવી દે એવી રીતે તમારું નામ કે કોઈ ચોકકસ નિશાની કરી હશે તો તમને આ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
૭. કેલક્યુલેટર અથવા ઈલેક્ટ્રોનિક્સ સાધનોનો ઉપયોગ કરવો નહીં.
૮. નકારાત્મક ગુણાંક પદ્ધતિ નથી.
૯. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈ પણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.
૧૦. પ્રશ્નપત્રના પ્રશ્નોમાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાંતરમાં કોઈ વિસંગતિ જોવા મળશે તો અંગ્રેજી અર્થને જ માન્ય ગણવામાં આવશે.

**FOR OFFICE USE ONLY**
**MARKS OBTAINED**

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|
| 1. | | 11. | |
| 2. | | 12. | |
| 3. | | 13. | |
| 4. | | 14. | |
| 5. | | 15. | |
| 6. | | 16. | |
| 7. | | 17. | |
| 8. | | 18. | |
| 9. | | 19. | |
| 10. | | | |

SEAL

Total Marks obtained ..............................

Signature of the co-ordinator ....................

(Evaluation)

## LAW — કાયદો

## PAPER III — પેપર III

*Note :* This paper contains **FOUR** Sections. You are required to attempt **ALL** of them.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **ચાર** વિભાગો છે. તમારે બધા વિભાગોના પ્રશ્નોના જવાબો લખવાના છે.

---

### SECTION I

### વિભાગ I

*Note :* Answer both the questions (Q. No. **1** and Q. No. **2**) of the same elective in **500** words each. (2×20=40)

**નોંધ :** નીચેના પ્રશ્નોના જવાબ આપો. (પ્ર. **૧** અને પ્ર. **૨**) દરેક પ્રશ્નનો જવાબ **૫૦૦** શબ્દોમાં આપો. (૨×૨૦=૪૦)

1. What is judicial accountability ? Does the judiciary come under the purview of RTI Act ? Discuss in the light of recent developments in this regard.

   ન્યાયિક ઉત્તરદાયિત્વ એટલે શું ? શું ન્યાયતંત્ર માહિતી અધિકાર અધિનિયમના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ છે ? તાજેતરના પરિવર્તનોને લક્ષમાં રાખી ચર્ચો.

**_OR_ (અથવા)**

"No single theory of punishment would serve the interest of criminal justice administration." Substantiate your view in the light of various theories of punishment.

''અપરાધિક ન્યાય વહીવટના હિતમાં કોઈપણ એક શિક્ષાના સિદ્ધાંતો પર્યાપ્ત નથી.'' પ્રસ્તુત વિધાનનું શિક્ષાના વિવિધ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી સમર્થન કરો.

2. Whether honour killing amounts to murder or do we need a special provision to deal with such killings committed in the name of honour of family, class and caste ?

શું પ્રતિષ્ઠાના કારણસર થતા મનુષ્યવધ એ ખૂન છે કે પછી આવી હત્યાઓ જે પરિવાર, જમાત કે જાતિના નામે થતી હોય તે માટે ખાસ જોગવાઈની આવશ્યકતા છે ?

**_OR_ (અથવા)**

What is 'social action litigation' ? Discuss in the light of landmark judicial decisions.

''સામાજિક સક્રિયતા વિવાદ એટલે શું ? સીમાચિન્હ ન્યાયિક ચુકાદાઓ સંદર્ભે ચર્ચો.

## SECTION II

## વિભાગ II

*Note* : Answer *all* the questions (Q. No. **3** to Q. No. **5**) of the same elective in **300** words each. (3×15=45)

**નોંધ :** બધા જ પ્રશ્નો (૩ થી ૫) ના જવાબ દરેકનો ૩૦૦ શબ્દો સુધી લખો. (૩×૧૫=૪૫)

3. Discuss the directions laid down by Supreme Court in D.K. Basu case.

ડી.કે. બસુ કેસમાં સુપ્રિમ કોર્ટે સ્થાપિત કરેલ માર્ગદર્શનોની ચર્ચા કરો.

***OR***

**અથવા**

Critically evaluate the context and significance of the Right of Children to Free and Compulsory Education Act, 2009.

''રાઈટ ઓફ ચિલ્ડર્ન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજયુકેશન એકટ, ૨૦૦૯'' ના સંદર્ભ અને મહત્વનું ટીકાત્મક મૂલ્યાંકન કરો.

4. Comment on Corporate Criminal Liability in the light of recent developments.
નિગમની ગુન્હાહિત જવાબદારીની બાબતમાં તાજેતરના વલણો ઉપર ટિપ્પણી કરો.

**OR (અથવા)**

Examine the judicial exposition of Indian secularism in the light of 'Social Engineering' concept of Roscoe Pound.
રોસકો પાઉન્ડના ''સોશ્યલ એન્જીનીઅરીંગ'' ના ખ્યાલને ધ્યાનમાં રાખી ભારતીય બીનસાંપ્રદાયિકતા અંગે ન્યાયતંત્રે કરેલું સ્પષ્ટીકરણ તપાસો.

5. Define 'sexual harassment'. Discuss the role of current guidelines with reference to judicial decisions and international human rights provisions.
''જાતીય સતામણી'' ની વ્યાખ્યા કરો. ન્યાયિક ચૂકાદાઓ તેમજ માનવ અધિકારોને લગતી આંતરરાષ્ટ્રીય જોગવાઈઓના સંદર્ભમાં પ્રવર્તમાન માર્ગદર્શિકાની ભૂમિકાની ચર્ચા કરો.

***OR* (અથવા)**

Evaluate the impact of WTO on the various trade and business laws in India.
ભારતમાં પ્રવર્તતા જુદા જુદા વેપાર વાણિજયના કાયદાઓ ઉપર ડબલ્યુટીઓ ની અસરનું મૂલ્યાંકન કરો.

## SECTION III

## વિભાગ III

*Note :* Answer the following questions in **50** words each. Attempt *all* questions (Q. No. **6** to Q. No. **14**). (9×10=90)

**નોંધ :** નીચેના દરેક પ્રશ્નોના જવાબ **૫૦** શબ્દોમાં આપો. બધાજ પ્રશ્નોના જવાબ આપો. (પ્ર. **૬** થી **૧૪**). (૯×૧૦=૯૦)

6. Trace the landmark judicial decisions and legislative principles to control the environment pollution in India.

ભારતમાં પર્યાવરણ દૂષણને અંકુશમાં રાખવા માટે સીમાચિન્હરૂપ ધારાકીય સિદ્ધાંતો અને ન્યાયિક નિર્ણયો દર્શાવો.

7. Discuss the remedies available for amicable separation to a couple whose relationship deteriorated due to incompatibility of temperament.

પતિ-પત્નીના સ્વભાવમાં સુમેળ ન હોવાને કારણે તેમના બગડેલા સંબંધોમાં મિત્રતાભરી રીતે અલગ રહેવા માટેના ઈલાજોની ચર્ચા કરો.

8. What is the legal status of children born out of void and voidable marriages under Hindu Marriage Act ?

હિંદુ લગ્ન ધારા હેઠળ વ્યર્થ અને વ્યર્થનીય લગ્નોના પરિણામે જન્મેલા બાળકોની કાનૂની સ્થિતિ શું છે ?

9. What is 'mens rea' ? Is 'mens rea' an essential ingredient in Indian Penal Code, 1860 ?

'ગુનાહિત માનસ' એટલે શું ? શું ભારતીય દંડસંહિતા, ૧૮૬૦ માં, ગુનાહિત માનસનો સિદ્ધાંત આવશ્યક તત્વ છે ?

10. Critically examine the fiduciary duties of the Directors of a Company.

કંપનીના ડીરેક્ટરોની વિશ્વસ્ત ફરજોની ટીકાત્મક ચકાસણી કરો.

11. Discuss in brief the essential constituents of Section 138 of the Negotiable Instruments Act.

નીગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ના આવશ્યક તત્વોની ટૂંકમાં ચર્ચા કરો.

12. Discuss the powers and functions of consumer dispute redressal mechanisms under the Consumer Protection Act, 1986.

ગ્રાહક સુરક્ષા ધારો, ૧૯૮૬ હેઠળ ગ્રાહકોની તકરારોનું નિરાકરણ કરવા માટે ઘડેલી યોજનાઓની સત્તા તથા ફરજોની ચર્ચા કરો.

13. Explain the salient features of the Domestic Violence Act, 2005.

ઘરેલુ હિંસા ધારો, ૨૦૦૫ ના મુખ્ય લક્ષણો સમજાવો.

14. Distinguish between Murder and Culpable Homicide not amounting to Murder.

ખૂન અને સાઅપરાધ મનુષ્યવધ વચ્ચેનો ફરક સમજાવો.

## SECTION IV

## વિભાગ IV

*Note :* Read the following paragraph and answer questions (Q. No. **15** to Q. No. **19**) given below in **30** words each. Attempt *all* questions. (5×5=25)

**નોંધ :** નીચેનો પેરાગ્રાફ વાંચો અને નીચે આપેલા બધા જ પ્રશ્નોના જવાબ આપો. દરેક પ્રશ્નનો જવાબ **૩૦** શબ્દમાં આપો. (પ્ર. **૧૫** થી પ્ર. **૧૯**). (૫×૫=૨૫)

The Bhopal Catastrophe is a mass tort and the worst industrial disaster in human history. It happened in December, 1984. In the aftermath the Indian Supreme Court has evolved the "rule of absolute liability". It is only when an accident of the magnitude and impact like the Bhopal catastrophe takes place that environmentalists, social workers, the general public and government institutions wake up to a new awareness. Along with launching rehabilitative measures they start thinking about new ways and means of preventing similar tragedies in the future. This process leads to legislative and administrative activism. The nature of Bhopal disaster and its aftermath disclosed the stark realities of a developing nation and threw a challenge to the Indian legal system. The interests affected are various including interest of damages. Compensation to the victims of Bhopal disaster raised an enigma in Indian torts law which had its origin in English Common law and sustained its

existence through various statutes generating semblance of tort actions. It may be pointed out that there was paucity of litigation in the field of torts. The proverbial delay, the exorbitant courtfee, complicated procedure and recording evidence, lack of public awareness, the technical approach of the bench and the bar and absence of specialisation among lawyers are stated to be the reasons for such condition. It is in this context one has to examine recent trends in Indian tort law as an instrument of protection against environmental hazards.

ભોપાલ દુર્ઘટના એ સામુદાયિક અપકૃત્ય અને માનવ ઇતિહાસમાં સૌથી ખરાબ ઔદ્યોગિક દુર્ઘટના છે. આ દુર્ઘટના ડીસેમ્બર ૧૯૮૪ માં બની. તેના પરિણામ સ્વરૂપ ભારતની સર્વોચ્ચ અદાલતે ''સંપૂર્ણ જવાબદારીનો સિદ્ધાંત'' વિકસીત કર્યો. ભોપાલ દુર્ઘટના જેવી પરિમાણ અને અસર પાડતી દુર્ઘટના બન્યા બાદ જ પર્યાવરણવાદીઓ, સામાજિક કાર્યકર્તાઓ, સામાન્ય જનતા અને સરકારી સંસ્થાઓ નવી સભાનતા પરત્વે જાગૃત થાય છે. પુનઃસ્થાપન માટેના ઘટતાં પગલાંઓ ભરવા ઉપરાંત તેઓ આ પ્રકારની કરૂણાંતિકાઓને ભવિષ્યમાં બનતી અટકાવવા માટે નવા રસ્તાઓ અને સાધનો અંગે વિચારણા શરૂ કરે છે અને આ પ્રક્રિયા વૈધાનિક અને વહીવટી સક્રિયતા તરફ દોરી જાય છે. ભોપાલ દુર્ઘટનાના સ્વરૂપ અને અસરે વિકાસશીલ દેશની વરવી વાસ્તવિકતાઓ છતી કરી છે અને ભારતીય કાનૂની પદ્ધતિને પડકારી છે. વળતરના હિત ઉપરાંત અનેક હિતોને અસર પહોંચી છે. ભોપાલ દુર્ઘટનાના પીડિતોને નુકસાન ભરપાઈ કરી આપવાની બાબતે ભારતીય અપકૃત્યોના કાયદા સમક્ષ કોયડો ઉપસ્થિત કર્યો છે. જે કાયદાનું મૂળ ઈંગ્લીશ કોમન લોમાં છે અને જેણે અપકૃત્ય અંગેની કાનૂની કાર્યવાહીઓ સાથે સામ્યતા ધરાવતા અનેક કાયદાઓ દ્વારા પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. અત્રે એ

નિર્દેશ કરવો રહ્યો કે અપકૃત્યોના ક્ષેત્રમાં કાનૂની કાર્યવાહીઓની ન્યુનતા રહી છે. નામચીન વિલંબ, અતિખર્ચાળ કોર્ટ ફી, જટીલ પ્રક્રિયા અને પુરાવાની નોંધણી, જાહેર જાગૃતિની ઉણપ, ન્યાયાધીશો અને વકિલોનો યાંત્રિક ઔપચારિક અભિગમ અને વકિલોમાં તજજ્ઞતાનો અભાવ, જેવા કારણો આ પ્રકારની પરિસ્થિતી માટે દર્શાવાયા છે. આ પરિપ્રેક્ષ્યમાં પર્યાવરણીય જોખમો વિરૂદ્ધ રક્ષણ માટે એક સાધન તરીકે ભારતીય અપકૃત્યના કાયદામાં દેખાયેલા તાજેતરના વલણોને ચકાસવા જરૂરી છે.

15. Explain the meaning of the word 'Mass Tort'.

'સામુદાયિક અપકૃત્ય' નો અર્થ વિસ્તૃત સમજાવો.

16. Describe the general impact of the Bhopal Gas Tragedy on Indian Legal System.

ભોપાલ ગેસ દુર્ઘટનાની ભારતીય કાનૂની પદ્ધતિ ઉપર પડેલી સામાન્ય અસરો વર્ણવો.

17. What are the reasons for paucity of tort litigation in India ?
અપકૃત્ય સંદર્ભે અદાલતી કાર્યવાહીઓની ભારતમાં ન્યુનતા માટેના કયા કારણો છે ?

18. Is tort law the best method of protection against the environmental hazards ?
શું પર્યાવરણીય જોખમો વિરૂદ્ધ રક્ષણ માટે અપકૃત્યનો કાયદો શ્રેષ્ઠ પદ્ધતિ છે ?

19. In addition to tortious liability, discuss the other possible redressal methods in the light of recent developments.
તાજેતરમાં થયેલા પરિવર્તનોના સંદર્ભે અપકૃત્યજન્ય જવાબદારી ઉપરાંત અન્ય શકય ઉપચારાત્મક પદ્ધતિઓ ચર્ચો.

## ROUGH WORK

SEAL